Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
June 2019, Year - 5 (74)
Paper ID : RRJ000015

# ગિરનારનો શૈલલેખ

સંશોધક
હસમુખભાઈ જીવાભાઈ વાળા
(બી.એ., એમ.એ.)
મદદનિશ શિક્ષક, પ્રાથમિક શાળા, ઉગલવાણ

---

સ્કંદ ગુપ્તે અશોકનો જે ગિરનાર ઉપર શૈલલેખ નં.૧૩ કોતરાવેલો છે તે જ શિલામાં એક બાજુ પર અશોકના ૧૪ ધર્મલેખ અને બીજી બાજુ પર મહાક્ષત્રપ રુદ્રાદામાનો લેખ કોતરેલ છે. તેની પૂર્વ–પશ્ચિમ બાજુ પર સમ્રાટ સ્કંદ ગુપ્તનો લેખ કોતરેલો છે.

લેખનો મુખ્ય વિષય સુદર્શન તળાવનું પૂર્તકામ અંગેનો છે રુદ્રદામાએ બંધનું પુર્તકામ કર્યાબાદ ફરીથી ૩૦૦ વર્ષ બાદ એ જ બંધમાં ગાબડું પડતા સ્કંદગુપ્તાના ગિરિનગરના નગરપાલ ચક્રપાલિતે સમરાવ્યું.

આ લેખમાં વિષ્ણુની સ્તુતિ સ્કંદગુપ્તની પ્રશસ્તિ ચક્રધારી મંદિર અને સુદર્શનનું પુર્તબાંધકામ કવિની રુચિર કલ્પનાઓ દ્વારા થયું છે.

સમ્રાટ સ્કંદગુપ્તને ગુપ્તવંશનો છેલ્લો રાજવી પરાક્રમી મહાન સમ્રાટ માનવામાં આવે છે. સ્કંદગુપ્તના માતાપિતા વિશે વિદ્વાનોમાં મતભેદ છે. સ્કન્દગુપ્તના અભિલેખોમાં પુરોગામી ત્રણ માતાઓના નામ આપેલા છે. પરંતુ તેની માતાનું નામ આપેલ નથી. ઘણા વિદ્વાનો એવું માને છે કે સ્કન્દગુપ્ત એ કુમારગુપ્તની પટરાણીનો પુત્ર ન હોવાનું અને રાજગાદીનો ખરો અધિકારી ન હતો. પરંતુ બધા કુમારોને રાજલક્ષ્મીએ સ્વયં સ્કન્દગુપ્તની વરણી કરી એવો ઉલ્લેખ છે. તેથી સ્વાભાવિક છે કે અન્ય કુમારો સાથે સંઘર્ષ થયો હશે. કેટલીક રાજમુદ્રામાં કુમારગુપ્તના ઉતરાધિકારી તરીકે તેના પુત્ર પુરૂગુપ્તનું નામ આપેલું છે તો કેટલાંક 'પુરૂગુપ્ત' એ જ સ્કંદગુપ્ત નું બીજુ નામ હોવાનું સુચવેલું છે.

સ્કંદગુપ્ત વિશે ગમે તેવી માન્યતાઓ કે મતભેદો પ્રવર્તતા હોય પરંતુ તે પરાક્રમી સમ્રાટ હતો તે રાજયશાસને આવ્યો ત્યારે રાજયમાં પરદેશી કણોના સખત ત્રાસ હતો કણોની એક શાખાએ યુરોપના વિજયકુચ કરી રોમન સામ્રાજયના પાયા હચમચાવ્યા અને બીજી બાજુ ગાંધાર સરહદેથી ગુપ્ત સામ્રાજય પર ભય તોળાઈ રહ્યો હતો. ત્યારે વીર સ્કંદગુપ્તે કણોનો સખત પરાજય કરી ગુપ્ત સમ્રાટ વિદેશી આક્રમણના ભયથી બચાવ્યું. આ વિજયની યાદમાં તેણે 'વિક્રમાદિત્ય' બિરૂદ ધારણ કર્યું હતું.

આ ઉપરાંત સ્કંદગુપ્ત પ્રજા કલ્યાણનાં કાર્યો માટે રાજય એટલું જ તત્પર રહેતુ તેનો જવંલત પુરવારો ગિરનારમાં સ્કંદગુપ્ત કોતરાવેલો શિલાલેખ છે.

'સિદ્ધિમ, (સિદ્ધિ શાખાઓ) જેમણે દેવાધિપતિ (ઈન્દ્રોના સુખ અર્થે, લાંબા કાળથી અપહરણ કરાયેલી અને જેનો ભોગ (સહુને) પ્રિય છે. તેવી લક્ષ્મીને બલિ પાસેથી પાછી લીધી, જે કમલમાં રહેલી લક્ષ્મીનું શાશ્વત ધામ છે, જે આપતિને જીતી લે છે. અને જે અત્યંત જિષ્ણુ(જય–શીલ) છે. તેવા વિષ્ણુ જય પામે છે.

''તે પછી નિત્ય જીતે છે, લક્ષ્મીથી આલિંગિત છાતીવાળા પોતાના બાહુથી જેમણે પરાક્રમ કર્યું છે અને જે અભિમાન અને ગર્વથી ઉંચી ફણા કરેલા રાજાઓ રૂપી સર્વોને નિર્વિષ કરનાર પ્રતિકૃતિ–ગરુડની આજ્ઞાના અવકર્તા હતા તેવા રાજા અને રાજાધિરાજ, રાજાના ગુણોનું સ્થાન, વિશાળ શ્રી (કીર્તિ)વાળા અને જયારે પિતા દેવોની મૈત્રીપામ્યા (અર્થાત સ્વર્ગસ્થ થયા) ત્યારે પોતાની



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-74-june-2019/RRJ000015

શકિતથી શત્રુઓને નમાવીને, ચાર સમુદ્રનાં જલથી સિમિત અને સમુદ્ર સીમાન્ત દેશોવાળી પૃથ્વીને જેમણે પોતાને વશ કરી તેવા સ્કંદગુપ્ત જેમના યશ જો વર્વનો સમૂળગો નાશ થયો છે. તેવા શત્રુઓ પણ જલેચ્છ દેશોમાં પ્રસારે છે. તેવા તેમનો જય થયો જ છે. ક્રમશઃ બુદ્ધિથી સારી રીતે વિચારીને અને ગુણો તથા દોષોના સફળ હેતુઓનું ચિંતન કરીને લક્ષ્મીએ સર્વ નરેન્દ્ર–પુત્રોને ચૂકીને જેમને પસંદ કર્યા, તે રાજા રાજય કરે છે. ત્યારે પ્રજાજનોમાં ધર્મથી દૂર થયેલો, આર્ત, દરિદ્ર વ્યસની (સંકટગ્રસ્ત), લોભી, દંડપાત્ર કે અતિપીડિત હોય તેવો કોઈ મનુષ્ય છે જ નહી.

'આ રીતે સમગ્ર પૃથ્વીને જીતીને અને શત્રુઓના દર્પનું ખંડન કરીને , સર્વ દેશો (પ્રદેશોમાં) ગોટતા (રાજયપાલ) નીમીને એમણે બહુ રીતે ચિંતન કર્યુ. કોણ અનુરૂપ મતિમાન, વિનીત, મેધા અને સ્મૃતિના ભાવની ચ્યુત નહિ તેવો, સત્ય આર્જવ ઔદાર્ય અને નયથી યુકત, માધુર્ય દાક્ષિણ્ય અને યશ ધરાવતો, ભકત (પરાયત) અનુરકત, મનુષ્યના વિશેષ ગુણોથી યુકત સર્વ કપટોથી વિશુદ્ધ એવી બુદ્ધિવાળો, આનૃણ્ય (ઋણમુકિત)ના ભાવથી જેનો અંતરાત્મા યુકત છે. તેવો સર્વલોકના હિતમાં કોણ પ્રકૃત હોય ? અર્થ (સંપતિ)ના ન્યાયી અર્જનમાં અર્જિતનાં રક્ષણના રક્ષિતની વૃદ્ધિ કરવામાં અને વૃદ્ધિ કરેલાના સુપાત્ર દાનમાં કોણ સમર્થ હોય ? સર્વ સેવકોને એકઠા કરતા જે મારા અખિલ સુરાષ્ટ્ર દેશનું બરાબર શાસન કરે (તેવો કોણ હોય) ? હા જાણ્યું, તે ભાર ઉપાડવામાં ખરેખર માત્ર પર્ણદત્ત સમર્થ છે.

''આ રીતે પોતાની મતિથી અનેક દિવસ–રાત નિશ્ચિય કરીને રાજાધિરાજે સુરાષ્ટ્ર દેશના સમ્યફ પાલન માટે વિનવણીથી એને નિયુકત કર્યો જેવી રીતે દેવો પશ્ચિમ દિશામાં વરુણને નિયુકત કરીને નિશ્ચિત અને સ્વસ્થ થયા તેવી રીતે પશ્ચિમ દિશામાં પર્ણદતને નિયુકત કરીને રાજા સ્વસ્થ થયા.

તેનો (પર્ણદતેનો) પુત્ર ભાવથી યુકત પોતાની શકિતથી જાણે પોતે બે વિભાગમાં વિભકત થયો હોય તેવો પોતાની જેમ સર્વ રીતે રક્ષણીય, હંમેશા પોતાને વશ રાખનાર, મનોજ (કામદેવ) જેવા રમણીય રૂપવાળો રૂપને અનુરૂપ લલિત અને વિચિત્ર (વિવિધ) (કર્મો)થી નિત્ય આનંદથી યુકત સ્વભાવ ધરાવતો, પદ્મના જલાશયમાં ખીલેલા પદ્મ જેવા મુખવાળો શરણે આવેલા માણસોને શરણ આપનાર, એ જગતમાં 'ચક્રપાતિત' નામથી ખ્યાતિ ધરાવે છે. જનોને પ્રિય છે ને જે પોતાના ઉદાત અબાધિત ગુણો વડે પિતાથી ચડિયાતો છે. ક્ષમા, પ્રભુત્વ, વિનય, નય, શૌર્યના મહામૂલ્યાંકન વિનાનું શૌર્ય, દક્ષતા, દમ(દમન) દાન, અ–દીનતા, દાક્ષિણ્ય, આનૃણ્ય અને અશૂન્યતા(પૂર્ણતા), સૌંદર્ય આર્યેતરનો નિગ્રહ, અ–ગર્વ, ધૈર્ય અને ગાંભીર્ય – અગુણો જેનામાં અવિરત અતિશય વસે છે, તેના ગુણો સાથે તેની ઉભામાં (સરખામણી કરાય તેવો, કોઈ સકળ લોકમાં ય છે નહીં ગુણયુકત જનોમાં એ જ પૂર્ણ રીતે ઉપમાન થયો છે. આમ એ અને એનાથી અધિક અન્ય ગુણો પિતાએ પોતે જ તપાસીને જેને નિયુકત કર્યો ને અગાઉ (રક્ષકો) કરતા જેણે નગરની વિશેષ રક્ષા સારી રીતે કેરી છે. પોતાના બે બાહુના પરાક્રમ પર તેમજ બીજાનું નહિ, (પણ) પોતાનાં જ ગર્વ પર આધાર રાખીને એ કોઈને ઉદવેગ કરતો નહિ, તેમજ આ નગરમાં દુષ્ટોનું શાસન કરતો જ જે નગરો (નગરજનો) સહિત લોકો વિશે અલ્પકાલમાં વિસ્ત્રમ્ભ (વિશ્વાસ) ધરાવતો ને દોષો તપાસીને પોતાના પુત્રોની જેમ પૌર(નગરજન) વર્ગોને લાડ લડાવતો. સ્મિત સાથેનું સંભાષણ માન અને દાન વડે અન્યોન્યના ગૃહમાં અનિયંત્રિત પ્રવેશ વડે અને પ્રીતિવર્ધક ગૃહ–ઉપયોગ વડે જેણે પ્રજાનું રંજન કર્યુ જલેના પરભાવથી યુકત, શુભ પવિત્ર, યથાયોગ્ય દાનપરાયણ, ધર્મ અને અર્થના વિરોધ વિના વિષયોને યોગ્ય કાલે પ્રાપ્ત કરીને સેવતો જે તે પર્ણદેતમાંથી જન્મ્યો છે તે ન્યાયવાન હોય તેમાં શી નવાઈ છે ? મોતીઓનો સમૂહ કે જળમાંથી જન્મતા પદ્મ જેવા શીતલ ચંદ્રમાંથી કદી ગરમી ઉદભવી ખરી ?



Publishing URL: http://www.researchreviewonline.com/issues/volume-5-issue-74-june-2019/RRJ000015

''ગ્રીષ્મકાલને વાદળો વડે ભેદતો ક્રમશઃ જલદ કાલ આવ્યો. ત્યારે લાંબો વખત સતત બહુ જલ વરસ્યું, જેનાથી સુદર્શન તળાવ સત્વરે તૂટી પડયું. ગુપ્તકાલમાં ગણના રૈવતક પર્વતમાંથી નીકળેલી આ જે પલાશિની (સુવર્ણ) સિકતા (અને વિલાસિની નદીઓ જ લાંબો વખત બંધમાં રહી હતી તે પાછી શાસ્ત્ર–પથોચિત (સમુદ્ર) પાસે ગઈ. વર્ષાના આગમનથી મોટા થયેલા જોઈને મહાસાગરનું પ્રિય કરવા ઈચ્છતાં ઉર્જયત પર્વત કાંઠા ઉપર ઉગેલા અનેક પુષ્પોથી શોભિત નદીમય હસ્ત પ્રયાસો. સર્વ રીતે વિષાદ પામતા જનો 'કેમ કરવું' 'કેમ કરવું' એમ પરસ્વર પ્રવાહ કરતા રાત્રિનાં પૂર્વભાગમાં તેમજ ઉતરભાગમાં ઉઠીને ઉત્સુક (ચિંતાતુર) થઈ ચિંતા કરવા લાગ્યા અહીં સકલ લોકમાં સુદર્શન જે સમુદ્ર જેવુ દેખાય છે. તે કદી સુદર્શન (દર્શનીય) ? ''... થઈને પિતા તરફ પર ભકિત પણ દર્શાવીને શુભ–પરિણામી ધર્મને આગળકરીને એણે રાજાના તેમજ નગરના હિત અર્થે, ગુપ્તકાલના (૧૩૮ વર્ષ) એકસોને આડત્રીસ વર્ષ, નવ (નીત) શાસ્ત્રના જાણકારે જગતમાં જેનો મહાપ્રભાવ સુવિદિત છે. તેણે ઘી (ની આકૃીત) અને પ્રણામો વડે દેવોનું પુજન કરીને ધન (નાદાન) વડે બ્રાહ્મણોને તૃપ્ત કરીને. પૌરજનોને યથાયોગ્ય માન વડે અને આદરણીય સેવકોને તથા શુદ્રોને દાન વડે સન્માનીને ગ્રિષ્મ માસના પૂર્વ (પ્રથમ) પક્ષે... પ્રથમ દિવસે સારી રીતે... બે માસમાં, તેણે આદરવાન થઈને, ધનનો અમાપ વ્યવ કરીને, લંબાઈમાં કુલ સો હસ્ત, વિસ્તારમાં અડસઠહસ્ત અને ઉંચાઈમાં સાત ? પુરૂષ મથોડ... બસો હસ્ત ભુદેવોનું અર્ચન કરીને, ભારે યત્નથી સારી રીતે પથ્થરો બેસાડીને જાતિ (પ્રકૃતિ) થી હર્ષિત નહિ તેવું અને શાશ્વત કલ્પકાલ સુધી ટકે તેવુ સુદર્શન તળાવ બાંધ્યું.

''શોભા આપતાં ચક્રવાક કૌંચ અને હંસ વડે ધોવાતા, દ્દઢ સેતુના છેડાવાળું, પવિત્ર જળ...જગતમાં સુર્ય અને ચંદ્રને નગર પણ પૌરજનોથી ભરપુર અનેક સેંકડો બ્રાહ્મણોથી ગવાતા સુકતો વડે નિષ્પ્રાય થયેલું સો વર્ષે પણ દુષ્કાળથી મુકત... વૃદ્ધિવાળુ થાઓ...

''સુદર્શન તત્રક (તળાવ)ના સંસ્કાર (સમારકામ)ના ગ્રન્થ (લખાણ)ની રચના આ રીતે સમાપ્ત થઈ.''

ગર્વિષ્ઠ શત્રુના ગર્વનો નાશ કરનાર, વિશાળ પોતાના વંશનો ધ્વજ, સકળ પૃથ્વીનો પતિ રાજાધિરાજ અદભુત, પુણ્યકર્મવાળો,... દ્વીપ (સુરાષ્ટ્ર) નો ગોઠતા મોટાઓના નેતા, દંડ પામેલા શત્રુઓના દમન માટે...

''તેનો પુત્ર આત્મગુણવાળો, ગોવિંદનાં ચરણો જેણે જીવન અર્પિત કરેલું છે. તેવો... ત્યાં વિષ્ણુના ચરણકમળમાં પામીને પુષ્કળ ધનના વ્યય વડે અને લાંબો કાલે જેણે પોતાના પ્રભાવથી પૌરજનોને નમાવ્યા છે. તેવા તેણે ચક્ર ધારણ કરે છે. ગુપ્તકાલના એકસો આડત્રીસમાં વર્ષે સરસ મતિવાળા ચક્રપાલિતે ચક્રભૃત (ચક્રધારી)નું ગૃહ (દેવાલય) કરાવ્યું.

''ઉર્જયત પર્વતનું જાણે સાથે ઉન્થિત હોય તેમ નગરના માથે (રહી) જાણે પ્રભુત્વ કરતો હોય તેવું ભાસે છે ને બીજી માથે જાણે પક્ષીઓના માર્ગને રોકયો છે શોભે છે.